# ડીસામાં પોલીસ અધિકારીની જોહુકમીના વિરોધમાં કોર્ટકાર્યવાહીનો બહિષ્કાર કરવાનો વકીલોનો નિર્ણય



ડીસા, તા.૬

બનાસકાંઠાના ડીસા શહેરના દક્ષિણ પોલીસ મથકમાં ફરજ બજાવતા પી.આઈ.સિંઘલે શહેરના ધારાશાસ્ત્રીઓ સાથે અસભ્ય વર્તન કર્યું હોવાના આક્ષેપો સાથે ડીસા બાર એસોસિએશનના સભ્યોએ આવતીકાલે બુધવારે કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો નિર્ણય લીધો છે.

ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકના પી.આઈ.સિંઘલે ડીસાના ધારાશાસ્ત્રી ડી.એમ.ઠક્કર અને એસ.એ.શેખ સાથે અસભ્ય વર્તન કર્યું હોવાના મામલે આજે મળેલી ડીસા બાર એસોસિએશનની મિટિંગમાં વિસ્તૃત ચર્ચા વિચારણા કરાઈ હતી તેમજ આ પોલીસ અધિકારીએ શહેરના વકીલો ડી.પી.ફોફાણી અન પી.એલ. શર્માને પણ ધમકીઓ આપી હોવાનો મામલો પણ આ બેઠકમાં ચર્ચાઓ હતો ત્યારે પી.આઈ.સિંઘલની આવી કથિત જોહુકમી સામે શહેરના વકીલોએ સામુહિક રીતે વિરોધ દર્શાવ્યો હતો અને આ પોલીસ અધિકારી સામે પગલાં લેવાની માંગણી સાથે આવતીકાલ બુધવારે દિવસ ભર કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો નિર્ણય જાહેર કર્યો હતો. પોલીસ અધિકારીના અસભ્ય વર્તનથી વકીલોમાં રોષ જોવા મળી રહ્યો છે અને આ પી.આઈ.ના વિરોધમાં ઉચ્ચ સ્તરે રજુઆત કરવાં સાથે આવતીકાલે કોર્ટ કાર્યવાહીથી અળગા રહી પી.આઈ.સામે પગલાં લેવા ગૃહ વિભાગને લેખિત રજુઆત કરવાની ચીમકી પણ ડીસા બાર એસોસિએશન દવારા અપાઈ છે.

## કળીયુગની પ્રતીતિ કરાવતી ઘટના

# પાલનપુરમાં રૂપિયા ન આપતા પુત્રએ પિતા પર હાથ ઉપાડ્યો

પાલનપુર, તા.૬

હળાહળ કલિયુગની પ્રતીતિ કરાવતો કિસ્સો પાલનપુરના વીરબાઈગેટ વિસ્તારમાં બન્યો હતો. જ્યાં રૂપિયા દસહજારની માંગણી ન સંતોષાતા પુત્રે પિતા પર હાથ ઉપાડ્યો હતો. પુત્રએ પાઈપ વડે હૂમલો કરી ઈજાઓ પહોચાડતા ઈજાગ્રસ્ત ગૃહસ્થે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે હુમલાખોર પુત્ર સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કળીયુગના સમયે સબંધો પણ મરી પરવાર્યા છે. તેની પ્રતીતિ કરાવતી કરતો ઘટનાની પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના વિરબાઈગેટ વિસ્તારમાં રહેતા ઐયુબખાન બસીરખાન ચૌહાણ (મુસલમાન) પાસે તેમના પુત્ર છુવારાફળી મસ્જીદ સામેના વિસ્તારમાં રહેતા સૈફઅલીખાન ચૌહાણે રૂપિયા દસ હજારની માંગણી કરી હતી. જોકે, ઐયુબખાને નાણાં આપવાનો ઈન્કાર કરતાં ઉશકેરાયેલા સૈફઅલીખાને સ્ટીલની પાઈપ વડે હૂમલો કરી તેના પિતાને આંખના ભાગે ઈજાઓ પહોચાડી હતી. તેમજ બિભત્સ શબ્દો ઉચ્ચારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ અંગે ઐયુબખાને પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંભોઈ ત્રણ રસ્તા પાસેથી

# મહિલાના ગળામાંથી સોનાનો દોરો ઝુંટવી ચેન સ્નેચરો રફુચક્કર

ગાંભોઈ, તા. ૬

આ અંગે પ્રા પ્રાપ્ત થતી માહિતીને અનુસાર તેમજ ગાંભોઈ પોલીસ સ્ટેશને નોધાવેલી ફરીયાદ મુજબ ગઈકાલના રોજ આશરે બપોરના સમયે હિંમતનગરના વિરાટનગર વિસ્તારમાં આવેલા સાકાર બંગલોઝ ખાતે રહેતા કિરણબેન વા/ઓ નરેન્દ્રભાઈ ચૂનીભાઈ પટેલ અને સાહેદ રજંનબેન બંન્ને જણા ગાંભોઈ મુકામે બેસણામાં આવેલ અને બેસણું પતાવીને હિંમતનગર જવા ચાલતા નિકળેલ અને ગાંભોઈ ત્રણ રસ્તા ક્રોસ કરી સાઈડમાં ઉભા હતા તે દરમ્યાન શામળાજી બાજુથી એક કાળા કલરના પલ્સર મોટરસાયકલ ઉપર બે અજાણ્યા ઈસમો આવી પાછળ બેઠેલા ઈસમે કિરણબેનના ગળામાં પહેરેલો સોનાનો દોરો એક તોલાની કિંમતનો રુપિયા ૨૦૦૦૦નો ખેંચી તોડી લુંટ કરી રફુચક્કર થઈ જતા ચકચાર મચી જવા પામી છે.

જેથી આ ઘટનાને સંદર્ભે કિરણબેન પટેલે કાળા કલરના પલ્સર મોટરસાયકલ ઉપર આવેલ બે અજાણ્યા શખ્શો ચેન સ્નેચરો વિરુધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે જેની તપાસ હેડ કોન્સ્ટેબલ રજનીકાંતભાઈ ખેમચંદભાઈ ચલાવી રહ્યા છે.

# અરવલ્લી જીલ્લાના સસ્તા અનાજની દુકાન માલિકોએ હડતાલ સમેટી

## જીલ્લા પુરવઠા અધિકારી અને સસ્તા અનાજ એસોશિએશનના હોદ્દેદારો સાથે મળી સુખદ સમાધાન

અરવલ્લી, તા. ૬

૧ માર્ચથી રાજયભરના તમામ સસ્તા અનાજના દુકાનદારો અચોક્કસ મુદતની હડતાલ પાર ઉતારતા હોળી-ધુળેટીના તૈહવાર ટાણે ગરીબો અને જરૂરિયાતમંદ લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. સસ્તા અનાજ દુકાનદારો તેમની પડતર માંગણીઓને લઈ સમાધાન ન થતા હડતાલ છઠ્ઠા દિવસમાં પ્રવેશી હતી. ત્યારે અરવલ્લી જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા જીલ્લાના અને તાલુકાના એસોસીએશનના હોદ્દેદારો સાથે બેઠક કરી હડતાલ આટોપી લેવા સમાજવાતાં અરવલ્લી જીલ્લા એસોશિએશન દ્વારા હડતાલ સમેટી લઈ બુધવારથી જીલ્લાની તમામ સસ્તા અનાજની દુકાનો ખુલ્લી રહેશે.રાજયભરમાં વ્યાજબી ભાવની દુકાનના સંચાલકોની બેઠકમાં એશોશિએશનની વિવિધ માંગણીઓને લઈ ૧ માર્ચે અચોક્કસ મુદતની હડતાલ પર ઉતારતા અરવલ્લી જીલ્લા સસ્તા અનાજ એસોસીએશને પણ ટેકો જાહેર કરી હડતાલ પર ઉતરતા હોળી-ધુળેટીના તૈહવાર ટાણે લાભાર્થીઓને રાશન વગર તૈહવાર મનાવવો પડ્યો હતો અને સસ્તા અનાજના સંચાલકોની હડતાલ યથાવત રહેતા જીલ્લામાં રહેતા ગરીબ પરિવારો અને લાભાર્થીઓની હાલત કફોડી



બની હતી. ત્યારે અરવલ્લી જીલ્લા પુરવઠા અધિકારી ડોડિયાએ જીલ્લા સસ્તા અનાજ અને તાલુકાના હોદ્દેદારો સાથે મંગળવારે બેઠક યોજી તેમને પડતી મુશ્કેલીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી તેમની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવાની હૈયાધારણા આપી બાહેંધરી અપાતા જીલ્લા સસ્તા અનાજના દુકાનદારોએ હડતાલ આટોપી લઈ જીલ્લા પુરવઠા અધિકારી પર વિશ્વાસ બતાવી બુધવારથી જીલ્લાની સસ્તા અનાજની દુકાનો રાબેતા મુજબ રાશનનું વિતરણ કરશે તેવું પુરવઠા વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. જીલ્લા પુરવઠા અધિકારીની કુનહતાપૂર્વક હડતાલનો સુખદ અંત લાવતા જીલ્લાના લાભાર્થીઓમાં હડતાલ સમેટાઈના સમાચારથી આનંદ છવાયો હતો.

# પ્રાંતિજમાં બળજબરીથી ઝેરી દવા પીવડાવીને મારી નાખવાની કોશિષ

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર- અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ટોલનાકા પાસે બોલાવી રીક્ષામાં બેસાડીને હિંમતનગર તરફ લઈ જઈ બળ જબરી રીતે ઝેરી દવા પીવડાવવાની કોશિષ કરાતાં પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ આ કામના ફરીયાદી બહેનના અગાઉના પત્નીના ભાઈ આ કામના આરોપી જશુભાઇ જેઠાભાઇ ઉર્ફે નટુભાઇ સોલંકી રહે. અમદાવાદ કે જેવોએ પોતાનાં બહેનના ઘરસંસાર બગડેલો હોય અને કોઈ રીતે ફરીયાદી બહેનને જાનથી મારી નાખવાના ઈરાદે ફરીયાદી બહેનને કપડાં લેવાનાં બહાને બોલાવી પ્રાંતિજ ટોલટેક્સ પાસેથી આ કામના આરોપીએ પોતાનાં કબજાની રીક્ષામાં હિંમતનગર તરફ લઈ જઇ રસ્તામાં કલ્પના ગેસ્ટહાઉસ પાસે ફરીયાદી બહેન સાથે ખેંચતાણ કરી બળજબરી રીતે ઝેરી દવા પીવડાવી મારી નાખવાની કોશિષ કરવામા આવતા ફરીયાદી મીનાબેન રાજેન્દ્રકુમાર કાળાભાઈ અમરાજી મુવાડા તા. દહેગામ, જિલ્લો ગાંધીનગર દ્વારા પોલીસ ફરીયાદ કરાતાં પ્રાંતિજ પોલીસે આરોપી જશુભાઇ જેઠાભાઇ ઉર્ફે નટુભાઇ સોલંકી વિરૂધ્ધ ગુનો નોંધાવતા આગળની કાર્યવાહી હાથ ધરી.

# પાલનપુર તાલુકા પંચાયતમાં નશામાં ધૂત કર્મીએ સહકર્મી ઉપર હૂમલો કર્યો હોવાની રાવ

## કર્મચારીના માથામાં ટેબલ મારતાં લોહીલુહાણ હાલતમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો





પાલનપુર, તા.૬

પાલનપુર તાલુકા પંચાયત કચેરીમાં ગતરોજ નશામાં ધૂત કર્મચારીએ ટપાલ લેવાના મુદ્દે ઉશકેરાઇ જઇ સહકર્મી ઉપર ટેબલ વડે હૂમલો કર્યો હતો. જેમાં કર્મચારી લોહીલુહાણ થઈ જતાં ઈજાગ્રસ્ત કર્મચારીને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયારે હુમલાખોર કર્મચારીને પૂર્વ પોલીસ મથકે લઇ જવાયો હતો. જ્યાં સમાધાનના પ્રયાસો વચ્ચે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે.

પાલનપુર તાલુકા પંચાયતમાં ગત સાંજના સુમારે બનેલી ઘટના અંગે મીડિયા સમક્ષ ઈજાગ્રસ્તના જણાવ્યા મુજબ, કચેરીના મુખ્ય ખંડમાં ટપાલનું ટેબલ સંભાળતા વડગામના રમેશભાઈ હરિભાઈ ચૌધરી કામ કરી રહ્યા હતા. ત્યારે આજ કચેરીમાં બ્લોક કોઓર્ડિનેટર તરીકે ફરજ બજાવતા વડગામ તાલુકાના નાંદોત્રા ગામના હિતેશભાઇ વાલુભાઇ ચૌધરી ત્યાં આવ્યા હતા. જેમને તેમના વિભાગની ટપાલ લઈ જવાનું કહેતા દારૂના નશામાં ધૂત હિતેશ ચૌધરી ઉશકેરાઇ ગયો હતો. અને બાજુમાં પડેલુ નાનુ ટેબલ ઉંચકી રમેશભાઈના માથામાં માર્યુ હતુ.

આ હૂમલામાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. ઘટનાને પગલે તાલુકા પંચાયતમાં ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. અને ઈજાગ્રસ્ત કર્મચારીને તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં હિતેશ ચૌધરીને પૂર્વ પોલીસ મથકે લઈ જઈ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાના વાવડ મળ્યા છે.



# ધનાસરીના એક ખેતરની વાડમાં લાગી આગ

કાંકરેજ તાલુકાના વેપારીમથક થરા વિસ્તારમાં આવેલ ધનાસરી પ્રા. શાળાથી એક ખેતરના વાડમાં કોઈ કારણસર અચાનક આગ લાગતા અફડાતફડી મચી જવા પામી હતી. જો કે બપોરના સમયે ધનાસરી ખેતરમાં રહેતા વાઘેલા મેરૂભા મોહનસિંહના ખેતરની વાડમાં અચાનક આગ લાગતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. અને થરા નગરપાલિકા ફાયર ફાઈટરને જાણ કરતાં તાત્કાલિક ડ્રાઈવર હરજીભાઈ દેસાઈ અને ફાયરમેન અરવિંદજી ઠાકોર ઘટનાસ્થળ ઉપર પહોંચી આગને કાબુમાં લીધી હતી.


# સ્કૂલ અંડર-૧૮ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અરવલ્લી જીલ્લા ક્રિકેટ ટીમ વિજેતા

ગુજરાત રાજ્ય સ્પોર્ટ ઑથોરિટી દ્વારા આયોજિત અંડર-૧૮ સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અરવલ્લી જીલ્લાની ક્રિકેટ ટીમે રાજ્યની ૧૨ જીલ્લાની ટીમોને પરાસ્ત કરી ગુજરાત રાજ્યમાં દમદાર પ્રદર્શન કરી વિજેતા બનતા જીલ્લાના ક્રિકેટ પ્રેમીઓમાં આનંદ છવાયો હતો.

ગુજરાત રાજ્ય સરકારના રમત-ગમત વિભાગ દ્વારા ક્રિકેટ ક્ષેત્રે સ્કૂલોના બાળકોમાં રહેલા પ્રતિભાને બહાર લાવવા અને રાજ્ય અને દેશ લેવલે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે તે માટે જીલ્લા લેવલે ક્રિકેટ ટુર્નામેન્ટનું યોજી જીલ્લામાં વિજેતા બનેલી રાજ્યની અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, પંચમહાલ, ખેડા, બનાસકાંઠા, આણંદ અને અરવલ્લી જીલ્લાની ટીમો વચ્ચે ટુર્નામેન્ટ યોજાયી હતી.

જેમાં અરવલ્લી જીલ્લાની ટીમે ગુજરાતના ક્રિકેટરો, અગ્રણીઓ અને તમામ ટીમોને ચોંકાવી દઈ પ્રથમ વાર ભાગ લેવા છતાં એક પછી એક ટીમોને પરાસ્ત કરી ચેમ્પિયન બનતા જીલ્લાના ક્રિકેટ પ્રેમીઓમાં આનંદ છવાયો હતો અને અરવલ્લી જીલ્લા અંડર-૧૮ ક્રિકેટરો અને કોચ હરજ્યોતસિંહ પુવારને અભિનંદન પાઠવ્યા હતા.

# કાંકરેજ તાલુકાના ખારીયા નર્મદા કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો



કાંકરેજ, તા. ૬

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ખારીયા નર્મદા કેનાલ ઉપર સાઈફનનું કામ ચાલુ હોવાથી એક ૨૫ વર્ષિય યુવક સુરેશ હિમરા બ્રશ્નોઈ બાડમારે રાજસ્થાનવાળો ન્હાવા પડેલ જેની જાણ ખારીયા સરપંચ તથા ડેલીગેટ નાનુભા વાઘેલાને કરતા તેઓએ કાંકરેજ મામલતદાર એસ.એ. ચૌહાણ અને પીએસઆઈ થરા ભરવાડનો સંપર્ક કર્યો હતો. જેને લઈ મામલતદાર કાંકરેજ સજજનસિંહ ચૌહાણે થરાદથી સુલતાન મીર તરવૈયાને બોલાવી શોધખોળ શરૂ કરાવી હતી. જ્યાં ભારે જહેમત બાદ કેનાલમાંથી સુરેશ બ્રિશ્નોઈની લાશ બહાર કાઢી થરા રેફરલ હોસ્પિટલમાં પી.એમ. માટે લવાઈ હતી. જો કે સાઈફનનું કામ ચાલુ હોવાથી મજૂરો મોટી સંખ્યામાં કામ કરતા હોય છે. અને ગરમીથી ન્હાવા જતા આવા ડુબવાના બનાવો સામે આવે છે. આના પહેલા પણ બે મજૂરો દટાયા હતા. આમ ખારીયા સાઈફન કામ ઉપર ઉપરા ઉપરી બીજો બનાવ સામે આવ્યો છે.

# જીતપુરની સી.એમ. સુથાર હાઈસ્કૂલમાં છાત્રોનો વિદાય સન્માન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૬

મોડાસા તાલુકાના જીતપુર મરડીયા ખાતે શરૂ સી.એમ. સુથાર હાઈસ્કૂલમાં ધો.૧૦ અને ધો. ૧૨ના છાત્રોનો વિદાય સન્માન સમારોહ મંડળના પ્રમુખ શામળભાઈ પટેલના પ્રમુખપદે યોજાતા શિક્ષણ બોર્ડના પૂર્વ મેમ્બર બી.એમ. પટેલે સમારોહનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ મહેમાનો ઉપરાંત સુભાષભાઈ પટેલ તેમજ આચાર્ય એચ.ડી. પટેલ વગેરેએ ૨૦૨૬-૧૭ના ધો.૧૦ અને ૧૨ના તેજસ્વીતારલાઓનું તેમજ દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષે ધી.૧૦ અને ધો.૧૨ની પરીક્ષામાં બેસનાર બાળકોનો વિદાય સન્માન સમારોહ પણ યોજાયો હતો. સૌએ બાળકોને પરીક્ષામાં સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# ઊંઝા વિસ્તારમાં ગેરકાનુની રેતી ખનન પ્રવૃત્તિ પર તંત્રની લાલ આંખ

ઊંઝા, તા. ૬

ઊંઝા તાલુકામાં છેલ્લા ઘણા વખતથી નદી વિસ્તાર તેમજ સરકારી જમીનોમાંથી ચાલતી ગેરકાયદે માટી ચોરી સંદર્ભે મોડેથી સ્થાનિક મામલતદારે પોલીસ સ્ટાફ સાથે અચાનક નજીકના વણાગલા ગામ પાસે પુષ્પાવતી નદી કિનારા નજીક ગૌચરની જમીનમાં ચાલી રહેલ ગેરકાયદે રેતી ખનન પર તપાસ કરતાં સરકારીતંત્રોને ચકમો આપીને સ્થળ પરથી શ્રમિકો તથા વાહનચાલકો ફરાર થઈ ગયા હતા. જેથી મામલતદાર સહિતની ટીમે સ્થળ પર બિનવારસી હાલતમાં પડેલ ત્રણ જેસીબી મશીનો, એક હિટાચી મશીન અને છ ડમ્પરો મળી કુલ એક કરોડથી વધુ કિંમતના સાધનો કબજે કર્યા હતા. આ કાર્યવાહી થયાને ૨૪ કલાકનો સમય વીતિ ગયેલ છે. તેમ છતાં આ બાબતે ઊંઝા પોલીસમથકે કથિત ખનન માફિયાઓ સામે કોઈ જ ગુનો નોંધાયો નથી. જેથી સરકારીતંત્રોની કાર્યપદ્ધતિ સામે પ્રજામાં શંકા કુશંકાઓ જાગી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઉપરોક્ત સ્થળે છેલ્લા બે ત્રણ માસથી ગૌચરની જમીનમાં ગેરકાયદે માટી ખનન અને વેચાણની પ્રવૃત્તિ ચાલી રહી હતી. અત્યાર સુધીમાં અંદાજે પચાસ હજાર મેટ્રીકટન માલનું ઊંઝા એન.એ. વિસ્તાર તેમજ ખાનગી માલિકીમાં વેચાણ થયાનું ચર્ચાય છે. આ પ્રવૃત્તિમાં ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના કેટલાક ચોક્કસ તત્વો સંડોવાયેલ હોવાનું કહેવાય છે. આ બાબતે સરકારે ખાણ ખનિજ વિભાગ અને ગુજરાત માપણી સર્વેયર થકી સંયુક્ત રીતે તપાસ કરાવવી જરૂરી મનાય છે. આ પ્રકરણમાં ભીનુ સંકેલવાના પ્રયાસો થઈ રહ્યા હોવાનું પણ કહેવાય છે.

# પાલનપુરમાં કુટણખાનુ ચલાવનારા પાંચ આરોપીઓને અઢી વર્ષની સજા

પાલનપુર, તા.૬

પાલનપુરમાં આકેસણ વિસ્તારમાં આવેલી એક સોસાયટીના મકાનમાં ચાલતા કુટણખાનાનો વર્ષ ૨૦૧૬માં એલસીબી પોલીસે પર્દાફાસ કર્યો હતો. આ અંગે પશ્ચિમ પોલીસ મથકમાં પાંચ આરોપીઓ સામે ગૂનો નોંધાયો હતો. દરમિયાન આ કેસ પાલનપુરની જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશે સોમવારે પાંચેય આરોપીઓને અઢી વર્ષની સખ્ત સજા ફટકારી હતી. જેના પગલે ગેરકાયદે પ્રવૃતિઓ આચરતા શખ્સોમાં ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

પાલનપુરમાં માર્ચ ૨૦૧૬માં ઝડપાયેલા કુટણખાનાની વિગતો એવી છે કે, શહેરના રહેણાંક એવા આકેસણ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં મકાન ભાડે રાખી કુટણખાનુ ચાલતું હોવાની બાતમી પોલીસે ડમી ગ્રાહક મોકલી ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાંથી કુટણખાનુ ચલાવતો ડીસાનો મનોજકુમાર પુનમચંદ ઠક્કર તેની પત્ની શબાના મોહતાલેપ કસીમ મુસલમાન (ગાજી) તેમજ બહારથી યુવતીઓ લાવનાર બાંગ્લાદેશના નોરાઈલ જિલ્લાના ચાતપુરના જીબન અહેમદ મુસલમાન, ગ્રાહક મુળ ભાભર અને તે સમયે ડીસા કૈલાસનગરનો નિતેશકુમાર જગદીશભાઈ ઠક્કર, ઉત્તરપ્રદેશના બનારસના મદનકુમાર બચ્ચાલાલ યાદવને ઝડપી લીધા હતા. જેમની સામે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ગૂનો નોધાયો હતો. દરમિયાન આ કેસ પાલનપુરની ત્રીજી એડી. સિવિલ જજ અને જયુ. મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશ આસીફ એમ. મેમણએ સરકારી વકીલ એમ. આઈ. સિંધીની દલીલો અને રજુ કરાયેલા પુરાવા ગ્રાહ્ય રાખ્યા હતા. અને આ કામના તમામ આરોપીઓને ધી ઈમમોરલ ટ્રાફીકીંગ એક્ટ ૧૯૫૬ ની કલમ ૩ અને ૭ મુજબ તકસીરવાન ઠરાવી કલમ ૩(૧) મુજબ એક વર્ષની સખ્ત કેદ તથા રૂપિયા ૧૦૦૦ દંડ જો દંડ ન ભરે તો વધુ એક માસની શખ્સ કેદ તથા કલમ ૭(૨) (ક) મુજબ બે માસની સાદી કેદ તથા રૂપિયા ૧૦૦ દંડ, દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદ તથા કલમ ૪ મુજબ મનોજકુમાર ઠક્કર, જીબન અહેમદ, મદનકુમાર યાદવ અને શબાના મોહતાલેપને એક વર્ષની સાદી કેદ તથા રૂપિયા ૫૦૦ દંડ જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદનો હુકમ કર્યો હતો. આ દરેક સજા અલગ- અલગથી ભોગવવાની રહેશે.


## જાહેર નિવિદા

### ધાનેરા નગરપાલિકા (જી. બનાસકાંઠા)

આથી લાગતા વળગતા સપ્લાયર્સ, એજન્સીઓ પાસેથી સને ૨૦૧૮-૨૦૧૯ના વર્ષ માટે બાંધકામ, સેનેટીશન, પાણી પુરવઠા તથા લાઈટ શાખા તથા વાહન શાખાની વિવિધ વસ્તુઓના સપ્લાય તથા મજુરીના તથા કોમ્પ્યુટર શાખાની વિવિધ વસ્તુઓના સપ્લાય તથા સર્વિસની કામગીરી તેમજ સ્ટેશનરી, ઝેરોક્ષ, ફોટોગ્રાફી, વિડીયો શુટીંગ, મંડપ તથા વૃક્ષારોપણ, બગીચાની જાળવણી, નગરપાલિકા ધાનેરાની વિવિધ સેવાઓ માટે મેન પાવર સપ્લાય (આઉટ સોર્સીંગ) માટેના વાર્ષિક ભાવો ધાનેરા નગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે છે. જે અંગે કોરા ટેન્ડર તા. ૧૬/૩/૨૦૧૮ સુધી કચેરી સમય દરમિયાન ટેન્ડર ફીના રૂ. ૩૦૦/- સાથે અરજી કરવાથી મળી રહેશે. ભરેલ ટેન્ડર તા. ૨૩/૩/૨૦૧૮ સુધી રજી.પોસ્ટ એ.ડી.થી મોકલવાના રહેશે. ટેન્ડર સાથે રૂ. ૫૦૦૦/-ની એફ.ડી.આર. રજૂ કરવાની રહેશે. વધુ વિગત ન.પા.ની જે તે શાખામાંથી મળી રહેશે. આવેલ ટેન્ડરો શક્ય હશે ત્યા સુધી તા. ૨૬/૩/૨૦૧૮ના રોજ ૫-૦૦ કલાકે હાજર ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે.

નં.ન.પા.ધા./બાંધકામ/વશી.૨૦૧૮
નગરપાલિકા કચેરી, ધાનેરા, તા. ૬/૩/૨૦૧૮

(કલ્પેશ પી. ભટ્ટ) મુખ્ય અધિકારી નગરપાલિકા ધાનેરા | (વસંતીબેન વી. ગલચર) ઉપપ્રમુખ નગરપાલિકા ધાનેરા | (બળવંતજી છોગાજી બારોટ) પ્રમુખ નગરપાલિકા ધાનેરા